PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/કવા–૦૨/૧૮–૧૯/ 8888-3 તા. 20-09-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
અમુલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.,
૦૨–આજી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
પ્લોટ નં.–૩૩૨ – ૩૩૩
રાજકોટ–૩૬૦૦૦૩
મો: ૦૨૮૧–૨૩૮૭૮૯૮, ૨૩૮૭૮૧૫

3D

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૨–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૯/કવા–૦૨/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

B-45 others.

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૯/કવા–૦૨/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૨૧–૦૮–૧૮ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: અમુલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી., ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે વસંતભાઈ જમનાદાસભાઈ મારવાણીયા હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : – કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

રજુઆત કરનાર :એચ.બી.પરમાર – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં – ૩ રાજકોટ

## : હુકમ :

## ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**૧** અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે.

**૧.૧**

1. અરજદાર જણાવે છે કે,તેઓ ગામ:રાજકોટ ખાતે એચ.ટી વીજજોડાણ નં. – ૨૬૪૭૨ થી ધરાવે છે. તેઓના જોડાણ મા માહે એપ્રીલ –૧૬ મા ડિમાન્ડચાર્જ મા વધારો થયેલ છે, એનર્જીચાર્જ મા ઘટાડો થયેલ છે, અને તમામ નાઈટ યુનીટ પર ૪૦ પૈસા રીબેટ આપવાનુ નકકી કરાયેલ છે, જયારે તેઓના વીજબીલ – માહે એપ્રીલ –૧૬ મા ડિમાન્ડચાર્જ નવો લીધેલ છે. અને એનર્જીચાર્જ મા ઘટાડો થવાથી પ્રોરેટા કરેલ છે, જયારે ટેરીફ ના એનેક્ષર ની કલમ –૧૧ મુજબ – માસીક બીલ મા પ્રોરેટા કરી ન શકાય તેમ જણાવેલ છે. નિયમ મુજબ નીચે પ્રમાણે ગણતરી કરવાની હોય છે.

| Particular | Original | Calculated | Difference |
|---|---|---|---|
| Demand Charge | 49270.00 | 56850.00 | 7580.00 |
| Energy Charge | 402122.70 | 359412.00 | -42710.70 |
| Fuel Charge | 124796.70 | 133116.48 | 8319.78 |
| PF ADJ Charge | -7841.39 | -7210.48 | 630.91 |
| TOU Charge | 13300.20 | 13300.20 | 0.00 |
| Total Consumption Charge | 581648.21 | 555468.20 | -26180.01 |
| Total Eduty | 87247.23 | 83320.23 | -3927.00 |
| Current Bill | 669645.44 | 639538.43 | -30107.01 |

ઉપરોકત વિગતે માહે એપ્રીલ – ૧૬ ના વીજબીલ મા રૂ.૩૦૧૦૭.૦૧ જમા આપવાના થાય છે. તેની સામે રૂ.૧૦,૫૭૮.૮૮ જમા અપાયેલ છે. બાકી ના તફાવતીય રૂ.૧૯,૫૮૮.૨૨ જમા આપવાના થાય છે.

2. વીજકર સમાહર્તા કચેરી ગાંધીનગર ના પરીપત્ર નં.–૬૧૮૦ તા.૦૯–૦૪–૧૩ અને ગુજરાત એકટ નં.–૮/૧૩ ના પાર્ટ–૧ ના પેટા કલમ–૧ મુજબ – રેસીડેન્સીયલ ગ્રાહકો – ગ્રામ્ય વિસ્તાર માટે ૭.૫ % અને શહેરી વિસ્તાર માટે ૧૫% વસુલ કરવાનો આદેશ છે. તેમજ પેટા કલમ–૩ મુજબ – એચ.ટી ગ્રાહકો માટે રેસીડેન્સીયલ સીવાય ના વીજવપરાશ પર ૧૫% વસુલ કરવાનો આદેશ છે. સદર બાબતે અલગથી બીજો હુકમ મેળવવાનો રહેતો નથી. તેમ છતા – વીજકર સમાહર્તા કચેરી ગાંધીનગર થી આવો કોઈ પત્ર મળેલ ન હોય – અરજદાર ઈ.ડી. માટે હકકદાર નથી– તેમ જણાવે છે.

3. વીજબીલ એનર્જીચાર્જ માથી નાઈટ રીબેટ બાદ કરીને પછીની રકમ પર – પાવર ફેકટર પેનલ્ટી / રીબેટ આપે છે. ટેરીફ પેરા નં.–૧૪.૨ મુજબ એનર્જીચાર્જ ( યુનીટ × લાગુ પડતો રેઈટ) ને પાવર ફેકટર પેનલ્ટી / રીબેટ મા લેવાનો છે. ટેરીફ કલોઝ પેરા નં.–૧૪.૬.૧ અને ૧૪.૬.૨ મા સ્પષ્ટ જણાવે છે કે પાવર ફેકટર ગણતરી

| | |
|---|---|
| | અને રીબેટ નવા ટેરીફ પેરા નં.–૧૪.૬.૨ મુજબ છે. આમ, સદર બાબતે – રીફંડ મળવા પાત્ર હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી નામદાર જીઈઆરસી ના ટેરીફ એનેક્ષર ની કલમ –૧૧ મુજબ – પ્રવર્તમાન બીલીગ સાયકલ મુજબ બીલ આપવામા આવે છે. અને તે મુજબ કોઈપણ બ્રોકન પીરીયડ માટે કોઈ ચાર્જીસ ના એડજેસ્ટમેન્ટ મળી શકશે નહી. જેથી માહે એપ્રીલ –૧૬ નુ વીજબીલ અપાયેલ છે, જે નિયમાધીન છે. તેમજ અરજદાર ને અપાયેલ વીજબીલ માહે માર્ચ અને માહે એપ્રીલ બન્ને ની ગણતરી મા જમા આપવા પાત્ર રકમ રૂ.૧૦,૫૭૮.૮૮ આપેલ છે.<br><br>અરજદાર ના જણાવ્યા મુજબ– સ્ટાફ કવાટર મા ૧૫% ઈલેકટ્રીસીટી ડયુટી વસુલ કરવામા આવે છે. જે રીકવર ન કરવા જણાવેલ છે. પરંતુ, અરજદાર તરફથી સદર ઈન્ડસ્ટ્રીઝ ને મળેલ વીજકર માફી અંગે નુ પ્રમાણપત્ર – પીજીવીસીએલ ની કચેરી મા મળેલ નથી. જેથી વીજકર માફી અંગે નુ પ્રમાણપત્ર રજુ કર્યે થી વીજકર માફી કરી શકાય.<br><br>સદર અરજદાર ના વીજબીલ મા પાવર ફેકટર રીબેટ દર બીલ મા આપવામા આવે છે. તેમા નાઈટ રીબેટ એનર્જીચાર્જ માથી બાદ કરીને પછી ના એનર્જીચાર્જ ઉપર 0.5% રીબેટ આપવામા આવે છે, જે યોગ્ય છે. વધુમા જીઈઆરસી સપ્લાય કોડ મુજબ – પીએફ (રીબેટ) ટેરીફ કલોઝ પેરા નં. ૧૪.૨ પ્રમાણે એનર્જીચાર્જ ઉપર જ આપવાનુ હોય – પીક અવર યુનીટ કે ફયુલ ચાર્જ ઉમેરવાનો સવાલ રહેતો નથી. પાવર ફેકટર હાલ જે ત્રણ આંકડામા જે પધ્ધતિ થી લેવામા આવે છે, તે સમગ્ર પીજીવીસીએલ મા તે મુજબ જ લેવામા આવે છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર અમુલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી. ના નામ નુ – ગામ:રાજકોટ ખાતે એચ.ટી વીજજોડાણ નં. – ૨૬૪૭૨ થી ધરાવે છે.<br>અરજદાર ની રજુઆત મુજબ – માહે એપ્રીલ –૧૬ મા ડિમાન્ડચાર્જ મા વધારો થયેલ છે, એનર્જીચાર્જ મા ઘટાડો થયેલ છે, અને તમામ નાઈટ યુનીટ પર ૪૦ પૈસા રીબેટ આપવાનુ નકકી કરાયેલ છે, જયારે તેઓના વીજબીલ – માહે એપ્રીલ –૧૬ મા ડિમાન્ડચાર્જ નવો લીધેલ છે. અને એનર્જીચાર્જ મા ઘટાડો થવાથી પ્રોરેટા કરેલ છે. સદર બાબતે – ટેરીફ વર્ષ–૨૦૧૬–૧૭ ના એનેક્ષર ની કલમ –૧૧ મુજબ – '' The Fixed charges, minimum charges, demand charges, meter rent and the slabs of consumption of energy for energy charges mentioned shall not be subject to any adjustment on account of existence of any broken period within billing period arising from consumer supply being connected or disconnected any time within the duration of billing period for any reason. '' અને ટેરીફ એનેક્ષર ની કલમ –૪ મુજબ The charges specified are on monthly basis. Distribution Licensee may decide the period of billing and adjust the tariff rate accordingly. જે અનુસંધાને પ્રવર્તમાન બીલીગ ટેરીફ ઓર્ડર અન્વયે ની વીજવિતરણ કંપની ની મા પ્રક્રીયા મુજબ, '' જે માસ મા બીલીગ કરવાનુ હોય, તે માસ મા પ્રવર્તમાન રહેલ દર મુજબ – ડિમાન્ડ ચાર્જ – આકારવાની જોગવાઈ '' છે. જેથી, અરજદાર શ્રી ને અપાયેલ માહે એપ્રીલ – ૧૬ ના બીલ મા, માહે એપ્રીલ – ૧૬ મા પ્રવર્તમાન એવા દર થી ડિમાન્ડ ચાર્જ આકારાયેલ છે. આમ, જે માસ નુ બીલ હોય, તે માસ ના સમયગાળા મા પ્રવર્તમાન દર મુજબ જ સદર ડિમાન્ડ ચાર્જ વસુલ કરાયેલ છે. આવી નિયમાધીન બાબતો ને આનુષાંગીક રહીને, અરજદાર શ્રી ની સવાલવાળી મુદદા નં. ૧.૧ ના પેટા મુદદા – ૧ – મુજબ ની માંગણીવાળા '' ડિમાન્ડ ચાર્જ '' ને, વિભાજીત કરવામા આવેલ નથી. આ બાબત, બીલીગ ટેરીફ ઓર્ડર અન્વયે ની હોય, પીજીવીસીએલમા નિયમાધીન છે. |

**૩.૨** વીજકર સમાહર્તા કચેરી ગાંધીનગર ના પરીપત્ર નં.-૬૧૮૦ તા.૦૯-૦૪-૧૩ અને ગુજરાત એક્ટ નં.-૮/૧૩ ના પાર્ટ-૧ ના પેટા કલમ-૧ મુજબ – રેસીડેન્સીયલ ગ્રાહકો – ગ્રામ્ય વિસ્તાર માટે ૭.૫ % અને શહેરી વિસ્તાર માટે ૧૫% વસુલ કરવાનો આદેશ છે. તેમજ પેટા કલમ-૩ મુજબ – એચ.ટી ગ્રાહકો માટે રેસીડેન્સીયલ સીવાય ના વીજવપરાશ પર ૧૫% વસુલ કરવાનો આદેશ છે. તેમ છતા – તેઓના યુનીટ મા આવેલ સ્ટાફ કવાટર લાઈટીગ ના યુનીટો મા ૧૫% ઈડી વસુલેલ છે.

સદર એચ.ટી કનેક્શન નં ૨૬૪૭૨ ગ્રામ્ય વિસ્તાર હેઠળ આવતુ હોય અને તે હૈયાત યુનીટ ના **Residential Quarters** ના વીજ વપરાશ માટે અરજદારે અલગ થી લાઈટીંગ સબ મીટર ટેસ્ટીગ અને સીલીગ પીજીવીસીએલ દ્વારા **કરાયેલ** હોય તો – સદર મીટર ના મીટર રીડીગ – બીલીગ સાયકલ મુજબ લેવા તેમજ જે તે વીજબીલ માં થયેલ વીજવપરાશ મુજબ પ્રવર્તમાન મા રહેલ ૭.૫% વિદ્યુત શુલ્ક વસુલ કરવા – પીજીવીસીએલ પક્ષકાર ને નિયમાધીન કાર્યવાહી કરવા બાબતે ની જાણકારી આપવા બાબત નો – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**૩.૩** અરજદાર ની રજુઆત મુજબ વીજબીલ માં – પાવર ફેક્ટર પેનલ્ટી / રીબેટ ટેરીફ કલોઝ પેરા નં. ૧૪.૬.૨ મુજબ – ગણતરી કરવી જોઈએ. જે અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ કે – જીઈઆરસી ના સપ્લાય કોડ મુજબ– પીએફ રીબેટ દર વીજબીલ મા નાઈટ રીબેટ એનર્જીચાર્જ માથી બાદ કરીને પછી ના એનર્જીચાર્જ ઉપર ૦.૫% રીબેટ આપવામા આવે છે, જે પીજીવીસીએલ ના પ્રવર્તમાન મા રહેલ નિયત ટેરીફ મુજબ ની તથા જી.યુ.વી.એન.એલ દ્વારા એચ.ટી બિલ ગણતરી ની જે ફોર્મ્યુલા મંજુર કરવામાં આવેલ છે તે મુજબ ની છે. સદર બાબતે – ટેરીફ વર્ષ-૨૦૧૮-૧૯ ના એનેક્ષર ના પેરા નં. પાવર ફેક્ટર રીબેટ – ૧૪.૬.૨ મુજબ – ''If the power factor of the consumer"s installation in any month is above 95%, the consumer will be entitled to a rebate at the rate of 0.5% (half percent) in excess of 95% power factor on the total amount of electricity bill for that month under the head "Energy Charges", arrived at using tariff as per para 14.2 of this schedule, for every 1% rise or part thereof in the average power factor during the month above 95%. ''તેમજ મહીના દરમ્યાન કરાયેલ વીજવપરાશ ના એનર્જીચાર્જ ટેરીફ કલોઝ પેરા નં. ૧૪.૨ મુજબ

(a) Up to 500 kVA of billing demand 400 Paise per Unit
(b) For billing demand above 500 kVA and up to 2500 kVA 420 Paise per Unit
(c) For billing demand above 2500 kVA 430 Paise per Unit

જે અનુસંધાને અરજદાર દ્વારા રજુ **કરાયેલ** વીજબીલ માહે એપ્રીલ -૧૮ મુજબ ની વિગતે – એનર્જીચાર્જીસ અને પાવર ફેક્ટર રીબેટ ની ગણતરી નીચે મુજબ **કરાયેલ** છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| | Conumer no. | No. | 26472 | Tariff | HTP-1 |
| | Contract Demand | KVA | 400 | 85% | 340 |
| | **As per Billing Data For the Month of Apr-18** | | | | |
| | Average Power Factor | PF | 0.994 | | |
| **S.No.** | **Particulars** | **Unit** | **Parameter** | **Rate** | **Amt Rs.** |
| 1 | Energy Consumed During Month (kwh) | Kwh | 137322 | 4.00 | 549288.00 |
| 2 | Night Unit - | Kwh | 42144 | 0.40 | 16857.60 |
| 3 | **Total Energy Charge ( 1-2)** | **Rs.** | | | **532430.40** |
| 4 | PF Rebet ( 0.5% (half percent) in excess of 95% power factor on the total amount of electricity bill for that month under the head "Energy Charges) i.e. 0.994-0.950=0.044 , So, 0.5% of 0.044=0.022 i.e. 2.2% | Rs. | 532430.4 | 2.20% | 11713.47 |
| 5 | PF Rebet As per Total Energy Consumed During Month Amount (Above Sr. No. 1) | Rs. | 549288 | 2.20% | 12084.34 |
| 6 | **Difference of Above Sr. No. 4 & 5** | **Rs.** | | | **370.87** |

સદર કેઈસ મા, ઉપરોક્ત વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા આપવામા આવતુ વીજબીલ અને ટેરીફ એનેક્ષર વર્ષ-૨૦૧૮-૧૯ – મુજબ પીએફ રીબેટ ની ગણતરી માં રકમ માં તફાવત જણાય છે. સદર બાબતે એચ.ટી બિલ ગણતરી ની જે ફોર્મ્યુલા ની ગણતરી જી.યુ.વી.એન.એલ દ્વારા મંજુર કરવામાં આવેલ છે. જે પોલીસી લેવલ નો પ્રશ્ન હોય – જેથી અરજદાર ને રીફંડ આપવા બાબતે – પીજીવીસીએલ કક્ષાએથી સદર બાબતે યોગ્ય કાર્યવાહી કરવી.

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ , ૩.૨ અને ૩.૩ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**<u>નોંધ</u>** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર **નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.